ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના આર્થિક-વાણિજ્ય વિકાસ માટે સરકાર બ્લુપ્રિન્ટ મુકે

**દસકા બાદ હરાજીની પ્રક્રિયામાં બે વખત રદ થતાં પ્રજાના પૈસાનો વ્યય**

**૯૬ ટકા પ્લોટો વણ વેંચાયેલા રહ્યા તે આર્થિક મંદીનો ઈશારો કરે છે**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં એક દસકા બાદ હરાજીમાં મુકાયેલા પ્લોટો પૈકી ૯૬ ટકા પ્લોટ વણ વેચાયેલા રહ્યા છે. શહેરના પ્લોટોની હરાજી રદ કરવાના નિર્ણયને લઈ લોકોમાં જે તરેહ-તરેહની ચર્ચાઓ આરંભાઈ છે તેમાં પ્રવર્તતી મંદીને આગળ ધરી સરકારના આ નિર્ણય સામે ટીકાઓ થઈ રહી છે.

રાજય સરકારે ૯૮ પ્લોટ એક દસકા બાદ હરાજી માટે મુક્યા જે પૈકી ૫૨ પ્લોટમાં બિડરો ના મળ્યા અથવા માત્ર એક જ બિડર નોંધાતા પ્લોટોની હરાજી તંત્રએ રદ કરવાનો નિર્ણય કર્યો હતો.

હરાજીની પ્રક્રિયાને અંતે ૧૪ પ્લોટોની હરાજી પોષણક્ષમ ભાવ ન મળવાને કારણે હરાજી રદ કરવાનો નિર્ણય તંત્રએ લીધો. આમ ૯૮ પ્લોટોમાંથી ૯૬ પ્લોટોની હરાજી થઈ નહિ જે બજારમાં પ્રવર્તતી આર્થિક મંદીનું ચિત્ર છે તેમ નગરજનો માની રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં આર્થિક વિકાસ માટેના કોઈ જ પગલાં સરકાર દ્વારા લેવાયા નથી તેમજ શહેરના વિકાસને પૂરક વાણિજ્ય વિકાસ માટે પણ ચિંતા સરકારે વ્યક્ત કરી નથી જે દુઃખદ છે.

આ પ્લોટોની હરાજીમાં જે વાણિજ્ય પ્લોટોના ભાવ મળ્યા છે તેમાં વાણિજ્ય વિકાસની એક ભૂખ શહેરીજનોમાં જાગી હોવાનું કહી શકાય તેમ કહેતા આ નગરજનોએ વાણિજ્ય વિકાસની સાથે સાથે આરોગ્ય સુવિધાઓ માટે પણ સહાનુભૂતિપૂર્વક વિચારવું દોઈએ તેવી માંગ કરી રહ્યા છે.

શહેરમાં હાલ કોઈ ખાસ આરોગ્યની સુવિધાઓ વિકાસ પામી નથી અને પહેલીવાર ડૉક્ટર હાઉસ તેમજ કોર્પોરેટ હોસ્પિટલના પ્લોટ હરાજી માટે મુકાયા ત્યારે સરકારે આ પ્લોટોના પોષણક્ષમ ભાવો નરિ પરંતુ જે કોઈ આગળ આવતા હોય તેમને પ્રોત્સાહિત કરવાનો અભિગમ વિચાર્યો હોત તો આ નગરને કેટલીક વધુ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બની હોત તેવી દલીલ પણ આ નગરજનો કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરની રચના વખતે જ બે તબક્કે પાટનગરને વિકસાવવાનું આયોજન કરાયું હતું. પરંતુ સરકાર માત્ર ૧૫ સેક્ટરોને જ વિકસાવી શકી અને ૫૦ વર્ષે પણ આ શહેરમાં વાણિજ્ય અને આર્થિક સદ્ધરતા માટે કોઈ જ પગલાં ભરાયા નહિ.

ગાંધીનગર શહેરને બાબુઓના નગરને બદલે ધમધમતા અને ધબકતા નગર તરીકે જોવાની હાલના

● અનુસંધાન પાન-૭ પર



## ગ-૧ સર્કલ નજીક ગોબરનું સામ્રાજ્ય

ગાંધીનગરમાં નગરજનોને ગંદકી જાણે કોઠે પડી ગઈ છે. સુંદર બાગ-બગીચા અને વિશાળ માર્ગોવાળા નગરમાં ઠેક ઠેકાણે ગંદકી અને કચરાના ઢગ હવે સામાન્ય બનતા જાય છે. સરકાર દ્વારા હાથ ધરાયેલ સ્વચ્છતા મિશનની કોઈ જ અસર ગાંધીનગરમાં જોવા મળતી નથી. સેક્ટર-૪-એ ના ગ-૧ સર્કલના કોર્નર પાસે ગાયો-ભેંસોના છાણનું સામ્રાજ્ય એટલુ ફેલાયેલું છે કે સમગ્ર વિસ્તાર તેની દુર્ગંધથી ખદબદી રહ્યો છે. નજીકમાં આવેલા મકાનો અને ફ્લેટના રહીશોને અહીંથી પસાર થવામાં મુશ્કેલી પડી રહી છે. પણ તંત્રના પેટનું પાણી હાલતું નથી. નઘરોળ સફાઈતંત્રને ખરેખર આ ગંદકી દેખાતી નથી કે પછી આ ગાયો-ભેંસો માથાભારે શખ્સની હોઈ આંખ આડા કાન કરાઈ રહ્યા છે ? જો કે સરવાળે સહન કરવાનું તો સામાન્ય નગરજનને જ આવી રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજથી ત્રણ દિવસમાં વરસાદ થવાની આગાહી

**તા. ૧૪મીથી ૧૭ જૂન દરમ્યાન વરસાદી ઝાપટાંની શક્યતા : જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલનું અનુમાન**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલના મતે હાલમાં મુંબઈમાં વરસાદે દસ્તક દીધા પછી ગુજરાત, સૌરાષ્ટ્રના ભાગોમાં છુટો-છવાયો વરસાદ થવામાં છે. ભૌગોલિક કારણો તેમજ ગ્રહો અને અન્ય આધારે જોતા વૃશ્ચિક નક્ષત્રમાં વરસાદ થવામાં છે. સૂર્યના રોહિણી નક્ષત્રમાં વરસાદ થાય તો તેને રોહિણી રેલી ગણવામાં આવે છે. રોહિણી ઉતરતા રેલે તો સારૂ ચોમાસુ આવે તેવું મનાય છે. જ્યારે વૃશ્ચિક નક્ષત્ર વાય તો સારૂ. હાલમાં વૃશ્ચિક નક્ષત્રમાં પવન પણ ફૂંકાઈ રહ્યો છે અને ભિન્ન ભિન્ન ભાગોમાં વરસાદ પણ થવામાં છે. વૃશ્ચિક નક્ષત્રમાં વરસાદ થાય તો ઉભા કૃષિ પાકોમાં રોગ તેમજ જીવાત આવવાનો સંભવ રહે છે, જીવજંતુનો ઉપદ્રવ વધે છે, ભીડ જેવા જીવો ઉભા કૃષિ મોલને બગાડે છે. વૃશ્ચિક નક્ષત્રનું પાણી સારૂ ગણાતુ નથી. વરસાદ અંગેના યોગો જોતા હજુ પણ વૃશ્ચિક નક્ષત્રના આગામી દિવસોમાં વરસાદ થવાની શક્યતા છે. જેમાં ઉત્તર ગુજરાત, મધ્ય તેમજ દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ થવાની વકી છે. તા. ૧૪ થી ૧૭ જૂનમાં ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદ કે વરસાદી ઝાપટાં થવાની વકી રહેશે. કેટલાક ભાગોમાં વાવણીલાયક વરસાદ થવાની સંભાવના રહેશે. દરિયા કિનારે તા. ૨૦ સુધીમાં ભારે પવનો ફુંકાઈ શકે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં બપોરે ભારે ઉકળાટ

**છેલ્લા પાંચ દિવસથી વરસાદ આંખ મિચોલી રમે છે : અમી છાંટણા થાય છે ત્યારબાદ ઉકળાટથી જનજીવન પર પ્રભાવ**

ગાંધીનગર, તા. ૧૩

શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી મેઘરાજા નગરજનો સાથે આંખ મિચોલી ખેલી રહ્યા છે. જેના કારણે નાગરિકો ચિંતિત થઈ ઉઠ્યા છે. વહેલી પરોઢિયે અને રાત્રિ દરમિયાન ઠંડા પવનોની લહેરથી રહિશો ખુશી વ્યક્ત કરે છે. પરંતુ બપોરના ઉકળાટથી લોકો હચમચી ઉઠે છે. શહેરના તાપમાનમાં પણ કડાકો નોંધાયો છે. સતત ૪૦ ડિગ્રી ઉપર રહેતું તાપમાન ૩૦ની નજીક આવી ગયું છે.

ગુજરાતમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી દીધી છે. ગઈકાલે અમરેલીમાં ચાર કલાકમાં આઈપીએલ મેચની જેમ તોફાની બેટીંગ મેઘરાજાએ કરી હતી. પરંતુ ગાંધીનગર શહેરમાં હાથતાળી આપવામાં આવી રહી છે. જેના કારણે નગરજનો બેબાકળા થઈ ઉઠ્યા છે.



(તસવીર : દિપક જાની)

શહેરમાં છેલ્લા પાંચ દિવસથી અમિ છાંટણા થઈ રહ્યા છે. તેમજ આખો દિવસ વાદળો પણ ગોરંભાયેલા રહે છે. પરંતુ વરસાદ વરસવાનું નામ લેતો નથી. જેના કારણે શહેરીજનો અસહ્ય ઉકળાટ અનુભવી રહ્યા છે. બપોરના ઉકળાટથી બાળકો, વડીલો બેબાકળા થઈ ઉઠ્યા છે. વૃદ્ધો ઠંડક મેળવવા વૃક્ષોનો શિતળ છાંયો શોધી રહ્યા છે. પંખાની હવા પણ ઉકળાટ સામે વામણી પુરવાર થઈ રહી છે.

પાટનગરમાં સૂર્યદેવ સતત ૪૦ ડીગ્રી ઉપર ગરમીનો સેન્સેક્સ રાખતા હતા. પરંતુ ત્રણ દિવસથી ૩૦ ડિગ્રી તાપમાન નોંધાતા મોટો કડાકો નોંધાયો છે. તાપમાન નીચુ આવ્યું છે. પરંતુ ગરમીથી લોકો તોબા તોબા પોકારી રહ્યા છે. ખેડૂતો આકાશ તરફ મીટ માંડી આલે મેઘા... આલે મેઘા...નો રાગ છેડી રહ્યા છે.

શહેરનું જનજીવન હજુ પણ ધોમધખતા ઉનાળા જેવું લાગી રહ્યું છે. રસ્તાઓ પર બપોરના સમયે હળવો ટ્રાફિક જોવા મળે છે. કારીગર વર્ગ બપોરના સમયે આરામ ફરમાવી રહ્યા છે. ઉકળાટથી લોકો પરસેવે રેબજેબ થઈ જવા લાગ્યા છે. ત્યારે સૌ કોઈ મેઘરાજા પાટનગરમાં પધરામણી કરે તેવું ઈચ્છી રહ્યા છે.

# પ્લોટની વેચાણની પરવાનગી નકારતા કલેક્ટરના હૂકમ સામે હાઈકોર્ટમાં રીટ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સેક્ટર-૩૦માં ૨૧૩ ચો.મી.ના પ્લોટના માલિક એવા કુસુમબેન લક્ષ્મીશંકર વ્યાસ દ્વારા તેઓના પ્લોટ ઉપર બાંધવામાં આવેલ મકાનને વેચાણ કરવા પરવાનગી માંગતી અરજી મામલતદારશ્રી જમીન ફાળવણી ગાંધીનગર દ્વારા નામંજુર કરાતા અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં મામલતદારશ્રી જમીન ફાળવણી તથા કલેકટરશ્રી ગાંધીનગરના હુકમ વિરુદ્ધ ભારતના બંધારણના આર્ટીકલ ૨૨૬ ની જોગવાઈ હેઠળ પરમાદેશની રીટ દાખલ કરેલી છે. આ કેસમાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિશ્રી કે.જે. ઠાકર દ્વારા સચિવશ્રી માર્ગ અને મકાન વિભાગ કલેક્ટરશ્રી તથા મામલતદાર જમીન ફાળવણી ઉપર કારણદર્શક નોટીસ કાઢેલી છે અને અરજદારે માંગ્યા મુજબની દાદ શા માટે ન આપવી તેનું કારણ દર્શાવવા વધુ સુનાવણી તા. ૨૨-૬-૨૦૧૫ના રોજ મુકરર કરેલી છે.

આ કેસની વિગત એવી છે કે, અરજદારે સને ૧૯૮૫માં વાદગ્રસ્ત રહેણાંકનો પ્લોટ જાહેર હરાજીમાં છેવટની સૌથી પ્રતિ ચો.મી. પ્રમાણે રૂ. ૬૦૮ ની માંગણી મુકેલી હતી જે માંગણીને કલેકટરશ્રી દ્વારા સ્વીકારવામાં આવેલી અને બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની ક. ૧૭૯ નીચે અરજદારની તરફેણમાં સદર પ્લોટની હરાજી મંજુર કરવામાં આવેલી. અરજદારે મજકુર પ્લોટ ઉપર સીનીયર નગર નિયોજક ગાંધીનગર સમક્ષ નકશાઓ મંજુર કરાવી બાંધકામ પૂર્ણ કરેલું અને મજકુર પ્લોટ ઉપરનું બાંધકામ પુર્ણ થયા બાદ મુખ્ય નગર નિયોજકશ્રી ગાંધીનગર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# અન્ય રાજ્યો વહીવટી એકમોની ઉત્કૃષ્ટ કામગીરીનું રાજ્યમાં અનુકરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

દેશના અન્ય રાજ્યો અને વહીવટી એકમોની ઉત્કૃષ્ટ કામગીરીનો અભ્યાસ કરીને ગુજરાત રાજ્યમાં તેનું અનુકરણ કરવાની દિશામાં સક્રિય વિચારણા રાજ્ય સરકારે હાથ ધરી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દેશના કેટલાક રાજ્યો અને તેમના વહીવટી એકમોને તેઓની ઉત્કૃષ્ટ કામગીરી બદલ એવોર્ડ પ્રાપ્ત થયા છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સામાન્ય વહિવટ વિભાગ અને વિજ્ઞાન અને પ્રોદ્યોગીકી વિભાગને રાષ્ટ્રમાં જે જે રાજ્યો અને વહીવટી એકમોને તેઓની ઉત્કૃષ્ટ કામગીરી બદલ એવોર્ડ પ્રાપ્ત થયા હોય તે રાજ્યો વહીવટી એકમોની મુલાકાત લઈ તેઓને જે કામગીરી માટે આ એવોર્ડ મળ્યા હોય તે કામગીરીનો અભ્યાસ કરી તે કામગીરીનું પોતાના રાજ્ય વહીવટી એકમમાં કઈ રીતે અનુસરણ થઈ શકે તે અંગે વિચારણા કરવા અને આ દિશામાં કાર્યવાહી કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્ર પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ સૂચનાઓને પગલે આગામી ટુંક સમયમાં રાજ્યના કેટલાક સનદી અધિકારીઓને અન્ય રાજ્યોના પ્રવાસે મોકલવામાં આવશે અને એ રાજ્યો અને વહીવટી એકમોને ઉત્કૃષ્ટ કામગીરી બદલ મળેલ એવોર્ડ અંગેની વિગતો મેળવીને અહેવાલ તૈયાર કરીને રાજ્ય સરકારને સુપરત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૩

અગ્રણી પત્રકાર શ્રી દિનેશભાઈ અનાજવાલાના ધર્મપત્ની શ્રીમતિ ભાવનાબેન દિનેશભાઈ અનાજવાલાનું બપોરે અમદાવાદ ખાતે સારવાર દરમ્યાન દુઃખદ અવસાન થયું છે.

સ્વ. ભાવનાબેન અનાજવાલાની અંતિમયાત્રા રવિવારે સવારે સુરત ખાતેના તેમના નિવાસસ્થાનેથી નીકળશે.

# પાટનગરમાં માર્ગો પરના ઝિબ્રા ક્રોસીંગનો ઉદ્દેશ ટ્રાફિક નિયમોની ફાઈલોમાં જ કેદ

**ભારે ટ્રાફિકમાં રાહદારીઓને માર્ગ ઓળંગવા મુશ્કેલ બન્યા છે, વર્ષોથી ઝિબ્રા ક્રોસીંગે કોઈ વાહન થોભતું જ નથી**

ગાંધીનગર, તા. ૧૨

પાટનગરવાસીઓને ટ્રાફિક નિયમોની આડમાં યેનકેન પ્રકારે દંડતી પોલીસ હકીકતે ટ્રાફિક નિયમોને સમય પૂરતા જ યાદ રાખતી હોવાનું અમુક નિર્દેશો ઉપરથી લાગી રહ્યું છે. નગરમાં મુખ્ય માર્ગો ઉપર આવેલા ઝિબ્રા ક્રોસીંગનો આજદિન સુધી પોલીસે અમલ કરાવ્યો નથી અને તેથી જ આ નિયમ વર્ષોથી ટ્રાફિક નિયમોની ફાઈલોમાં જ કેદ બની રહ્યો છે. હાલમાં નગરના રાજમાર્ગ એવા ઘ અને ચ રોડ ઉપર ઝિબ્રા ક્રોસીંગ બનાવાયા છે. પરંતુ જેમાં રાહદારીઓને ઉભુ રહેવુ પડે છે પરંતુ વાહનચાલકો આ નિશાનીને બે ધડક પૂરપાટ ઝડપે પસાર કરી રહ્યા છે. જેથી જો પોલીસ ખરા અર્થમાં કામગીરી ઈચ્છતી હોય તો આવા સુષુપ્ત અવસ્થામાં રહેલા નિયમોને જાગૃત કરી તેનો અમલ કરે તેવી માંગ ઉઠવા પામી છે.

કાયદો અને તેની વ્યવસ્થાનું સુચારૂ આયોજન વિદેશમાં પૂર્ણ પણે થઈ રહ્યુ હોવાનું સૌ કોઈ સારી રીતે જાણે છે. વાહન હંકારવા માટે અપાતા લાયસન્સ વખતે લેવાતી પરીક્ષામાં ટ્રાફીકના નિયમો, સંજ્ઞાઓ અને દંડનાત્મક કાર્યવાહી જેવી બાબતો વણી લેવામાં આવે છે. જેમાં સૌથી વધુ દુઃખદ બાબત ભારત દેશમાં ઝિબ્રા ક્રોસીંગનો ઉદાશીન અમલ બન્યો છે. રાજ્યના મુખ્ય શહેર એવા અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, વડોદરા વગેરેમાં પણ હાલ આ ઝિબ્રા ક્રોસીંગનો અમલ થતો જ નથી. માર્ગો બનાવ્યા પછી માર્ગ ઉપર કરવાની થતી



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

વિવિધ ટ્રાફીક લગતી નિશાનીઓ બનાવી દેવાય છે. પરંતુ આ નિશાનીઓનું વાહનચાલકો પાલન ન કરતા હોવાનું જણાવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર




SANGHI CEMENT · Kisan · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ







૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice · KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ESTD. 1983
**કૈલાસ ટ્રેડર્સ**
STEEL TIGER એવોર્ડ વિજેતા
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧
અલ્ટ્રાટેક સિમેન્ટ, કામધેનુ TMT (ISI) સ્ટીલ, કપચી, ગ્રીટ, મેટલ, હિન્દવેર સેનેટરીવેર, સોલીડ કોંક્રીટ બ્રિક્સ (સિમેન્ટ યુઝ્ડ)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com